بِسۡمِ اللّٰهِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

مشكوة الهادي

Mishkaat-ul-Haadi

મવએઝત અને હિકમતથી હક્કની તરફ દાઅવત આપતુ લિસાનુદ્દાઅવતમાં અખબાર

**નાશિર :** મરકઝે તરબીયતે મુમેનીન, અલ-વિઝારતુલ અલવીયાહ, વડોદરા. **તા. ૧ રબીઉલ આખર ૧૪૩૧ હી., ૧૬-૩-૨૦૧૦**

# -::: મોટામાં મોટી નેઅમત : ઈમામત :::-

## ઝુહૂર અને સતરનો દૌર :

ઝમીન પર રાત અને દિવસ આવા જ કરે છે. રાત, અંધારી હોય છે અને દિવસ રોશન હોય છે. દિવસમાં રોશની શમ્સ-સૂરજના સબબ હોય છે. રાતનુ અંધારૂં, સૂરજ ગુરૂબ થઈ જાવાના સબબ હોય છે. રાત ભલે અંધારી હોય પણ સૂરજનો વુજૂદ સાબિત હોય છે અને તેના મુકર્રર વક્ત પર સૂરજ ઝમીન માંથી તુલૂઅ થાય છે-ઊગે છે અને અંધારાને દૂર કરે છે. દિવસમાં રોશની, સૂરજ બખ્શે છે. રાતમાં રોશની ચાઁદ બખ્શે છે. **સૂરજની રોશની તેની અસ્લી-ઝાતી હોય છે, જે ગરમ હોય છે. ચાઁદની રોશની ઊછીની હોય છે, જે ઠંડી હોય છે.** સૂરજની રોશનીની ગરમીના સબબ દિવસમાં દુશ્વારી-બેકરારી હોય છે. ચાઁદની ઠંડી રોશનીના સબબ રાહત હોય છે.

અલ્લાહતઆલાએ આ જ મિસાલ પર આલમે દીન (દીનના જહાન) નો નિઝામ કાઈમ કીધેલો છે. સૂરજ અને ચાઁદના નીકલવાના તેમજ ગાઈબ થાવાના ટાઈમટેબલ પર જ દીનના આલમ (જહાન) અને હુદૂદ (રૂત્બાઓ) નો નિઝામ છે. જેમ દિવસ-રાતનો અતૂટ સિલસિલો ફનાએ દુનિયા તક જારી રહેશે, એ જ મુજબ દીનના આલમમાં ઈમામનો વુજૂદ અને આપની હસ્તીનો નિઝામ હમેશા જારી રહેશે. **સૂરજ જેમ રાતમાં છુપાઇ જાય છે, તેમ ઇમામે આલી મકામ પણ ઇસ્તેતાર-પડદો ઇખ્તિયાર કરે છે,** પોતાની શખ્સીયતને છુપાવે છે. જેમ રાત પછી દિવસ આવે છે અને સૂરજ ઝાહિર થાય છે, તેમ હાલાતની માંગ મુજબ અને ઝમાનાના તકાઝા મુજબ ઈમામ પોતાને ઝાહિર કરે છે. ઈમામના ઝાહિર થાવાના વક્તને દૌરે ઝુહૂર કહેવાય છે અને ઈમામના પડદામાં જાવાના વક્તને દૌરે સતર કહેવાય છે. રાત અને દિવસ મુજબ ઝુહૂર અને સતર એક બાદ બીજો આવા જ કરે છે.

**-::: મીલાદ મુબારક :::-**

**ખલીફતુર રહમાન, વાઝેહુલ બુરહાન અમીરૂલ મુમેનીન મૌલાના અબુલ કાસિમ ઈમામ તૈયબ (અ.સ.) ને ૯૦૭ મી અને દાઈયુલ લાહિલ અમીન, હબ્લિલ લાહિલ મતીન સૈયેદના વ મૌલાના અબુ હાતિમ તૈયેબ ઝિયાઉદ્દીન સાહબ (ત.ઉ.શ.) ને ૮૦ મી સાલગિરાહ મુબારક થાય.**

પહેલા નબી આદમ સફીયુલ્લાહ (અ.સ.) થી આજ તક ઝમાનાના ઈમામના ઝુહૂર અને સતરના ઘણા મૌકાઓ પૈશ આવા છે. ઈમામના ઝુહૂરને વક્ત હિદાયતનો સરંજામ ઝાહિરી હોય છે. તેથી ઈમામે ઝમાનના ઈતાઅત-ગુઝાર અકીદતમંદો પોતાના આકા મૌલા ઈમામની પૈરવી કરવા વાસ્તે શૌક રાખે છે. ઈમામની આ તરહની હિદાયત તે ઝમાનાના મુમેનીન વાસ્તે મોટી નેઅમત પુરવાર થાય છે. રસૂલુલ્લાહ બાવાજી (સ.અ.વ.વ.) ના ઈન્તેકાલ બાદ, મૌલાના અલી (અ.સ.) ના બાદ ઈમામોને ગિનીએ તો છઠ્ઠા ઈમામ મૌ.ઈસ્માઈલ બિન મૌ.જાઅફરસ્સાદિક (અ.સ.) તક તમામ ઝાહિરી તૌર પર ઈમામત કરતા હતા. પણ, અમરે ઈમામતને સલતનતના સાંચામાં ઢાલેલી ન હતી. હિદાયત પામેલા મુમેનીન, અઈમ્મતે તાહેરીન (અ.સ.) ની માઅરેફત રાખતા હતા, આપની હઝરતે ઈમામીયાહમાં પૈશ થાતા હતા. શરીઅતના બધા જ અરકાન અને દઆઈમની અદાયગીની ઈમામ સાથે વાબિસ્તગી રાખતા હતા. હલાલ-હરામ, ફરમાન-અહકામ અને દુનિયાવી મોઆમેલાતનું ઈલ્મ આપ મૌલાથી હાસિલ કરતા હતા. પણ, ઈમામ આલી મકામ ગોશા-નશીની ઈખ્તિયાર કરીને ઈમામતના ઝરીએ દાઅવતને

*(બકીયાહ પેજ નં. ૨ પર)*

**સૌથી મોટી પૂઁજી પોતાની ઝરૂરતોને ઓછી કરી દેવી છે.**

(પેજ નં. ૧નું બાકી) **મોટામાં મોટી નેઅમત.....**

રોશન કરતા હતા. આપ તખ્તો તાજ અને સલતનતના મોહતાજ ન હતા. સાતમાં ફાતેમી ઈમામ મૌ.મૌહંમદ બિન ઈસ્માઈલ (અ.સ.) થી લઈને ત્રણ મસ્તૂરીન ઈમામો ઈસ્લામી મુલ્કોમાં ઘર-બ-ઘર, શહેર-બ-શહેર, દર-બ-દર પોતાની પહેચાન છુપાવતા છુપાવતા ઈમામતના પાક રૂકનને બાકી રાખતા હતા. અલ્લાહતઆલાના કલેમાતે મુબારેકાહને જહાનવાલાના નઝદીક ઝિંદા રાખતા હતા.

આ તરહ ઈમામતના ઝુહૂર-સતરના બે તરીકા છે. પહેલા તરીકામાં ઈમામ ઈસ્માઈલ (અ.સ.) પહેલાના ઈમામો મદીના શહેરમાં મૌજૂદ છે અને બીજા તરીકામાં આપના બાદ ચાર ઈમામો પોતાની પહેચાન છુપાવે છે. પણ, **ઇમામતની દાઅવતે ઇબ્દાઇયાહ ઇલાહીયાહથી ઝમીન ખાલી રહી નથી.** યહાઁ તક કે, આ ઈમામતની નસનો સિલસિલો ઉપરથી નીચેનાને મિલતો મિલતો આગલ વધતો ગયો, સબબ કે, આ ઈમામત અલ્લાહતઆલાની આલે મોહંમદ (સ.અ.) માં અમાનત છે. આ નૂરે રિસાલતનો એક મઝહર છે, કરિશ્મો છે, જે રિસાલતનો દીવો બાતિલના બોલ યા ખિઝાંની હવાથી બુઝાતો નથી.

## મિસિરથી યમન દાઅવત મુન્તકલ થઈ :

વીસમાં ઈમામ મૌ.આમિર (અ.સ.)ને નઝારીઓએ ૩ ઝિલકાદ ૫૨૬ હિ.માં મિસિરમાં શહીદ કીધા. આનો સબબ એ છે કે, આપ મૌલા કાહેરાહ મોઈઝઝીયાહ શહેરમાંથી મિસિરના બીજા ગામ તરફ જુલૂસ અને લશ્કરીઓ સાથે સવારીમાં પધારી રહ્યા હતા. આપની નૂરાની સવારી અને અલવી શાન જોઈને નઝારીઓ હસદથી આગમાં જલતા હતા. આ દૌરાન એક નઝારીએ આપના કત્લનો હીલો કીધો. આપ મિસિરના એક પુલ પરથી ગુઝરી ચુકા હતા કે, એક નઝારી પોતાની ઝાતે અચાનક એક મિનારા પરથી નીચે પડો. આ હાદેસો જોવા ઈમામની ખિદમતના પહેરેગીરો આગલ-પાછલ થયા. ઈમામ તન્હા રહી ગયા. આ મૌકાનો ફાયદો ઉઠાવીને બીજા એક નઝારીએ છુરીથી આપના સર પર સખ્ત ઝખ્મ કીધો. આ વારથી આપને શિફા ન થઈ અને ચંદ અય્યામમાં આપ શહાદતના દરજા પર ફાઈઝ થયા.

પાક ઈમામો તરફથી બયાન છે કે, ઈમામતના અમર સિવાય અલ્લાહતઆલાની કદર-મશયત-ચાલ હર અમરમાં સાબિત હોય છે અને અદલા-બદલી થવાની ગુંજાઈશ હોય છે. પણ દુનિયાના પહેલા દિનથી કયામતના દિન તક ઈમામતની ચાલમાં કોઈ તરહનો તોડ-જોડ યા ફેરફાર થાનાર નથી. સબબ કે, **ઇમામત તે અલ્લાહનો કલેમતે બકીયાહ છે, હમેશા બાકી રહેનારૂં નૂર છે.** એક ઈમામ ગુઝરનાર હોય છે, તો એની જગા પર બીજા ઈમામને ખાલિકે અકબર પોતાની ઈનાયતથી નસને જારી કરીને ઈમામના મકામ પર કાઈમ કરતા હોય છે. ઈમામને ઈલ્હામથી તન્બીહ મીલી જાય છે - ખબર પડી જાય છે કે, એની મૌત હવે કરીબ છે. તેથી તે ઈમામ પોતાની જગા પર આવનાર ઈમામ પર નસ્સે જલી યા નસ્સે ખફી કરીને તેને કાઈમ કરી દેતા હોય છે.

ઈમામ મૌ.મુસ્તનસિર બિલ્લાહ (અ.સ.) ને એક સાઈલે સવાલ કીધો કે, અય મૌલા ! આપના બાદ આપના કાઈમ મકામ કૌન છે ? આપે જવાબમાં કહ્યું કે, "જો આ બાબતના ઈલ્મની મને પહેલાથી જાણકારી હોય તો હમેં તે ચીઝને ઝાહિર કરવામાં એક પલની તાખીર ન કરીએ. વલ્લાહ ! જે ચીઝનું મને ઈલ્મ નથી તેની હું તમને કઈ તરહ ખબર કરૂં ? **હમને જે વક્ત ઇલ્મ થાય છે, તો હમેં હરગિઝ તેને રોકતા નથી.**" આપ (અ.સ.) એ મિસિરની સલતનતના તમામ સિયાસી, ઈજતેમાઈ, સમાજી, અખ્લાકી અને મઝહબી ઊમૂરમાં બારીક-બીની થી નઝર ફરમાવી અને હાલાતનો અંદાઝો લીધો તો આપને આપની ઈમામતના નૂરની ઈલ્મીયતથી એહસાસ થયો કે, હવે ચંદ સાલો માં જ ઈમામતનું નૂર આ જહાનથી પોશીદા થાશે. તે વક્ત આપે ઈસ્માઈલી-ફાતેમી અકીદાના ઊલૂમને જઝીરએ યમનમાં મુન્તકલ કરવાની તૈયારી શુરૂ કરી દીધી. યમનના મલેકાહ અલ-હુર્રાહ અરવા બિન્તે અહમદ (રિ.અ.) ને હુજ્જતે ઉઝમાહના ઊંચા મરતબા પર કાઈમ કીધા અને યમનથી સૈ.અલી બિન મોહંમદ અસ-સુલૈહી, સૈ.લમક બિન માલિક, સૈ.ઈબ્રાહીમ અલ-હામેદી તેમજ સૈ.અલી બિન મોહંમદ બિન વલીદના

(બકીયાહ પેજ નં. ૩ પર)

**શેહવત-હવસ અને ગૈર ઝરૂરી હાજતો એવી મીઠાશ છે કે તે ખાનારને બિમાર બનાવી દે છે.**

*(પેજ નં. ૨નું બાકી)* ***મોટામાં મોટી નેઅમત.....***

વડૌવાઓને દાઅવતે હાદીયાહના ઊલૂમો ફુનૂનની તાઅલીમ વાસ્તે મિસિર બોલાવા. આપ (અ.સ.) ના બાબુલ અબ્વાબ સૈ.મોઅય્યદ અશ-શિરાઝી (આ.કુ.) ની ઈલ્મી લિયાકત અને હિદાયતને માતહત આ તમામ યમની સાહબોને ઈલ્મી ફાયદો પહોંચાવો અને જઝીરએ યમનને દાઅવતે હાદીયાહના ઈલ્મના કૌસર રૂપી પાનીથી હરેલા-ભરેલા અને સરસબ્ઝ કીધા.

## ઈમામ આમિર (અ.સ.) ની શહાદતનો ઈશારો :

વીસમાં ઈમામ મૌ.આમિર (અ.સ.) ને પણ ખૌફ હતો કે, આપના ઈન્તેકાલ બાદ ઈમામતના નૂરને બુઝાવવા વાસ્તે દુશ્મનો તેમજ ગુમ્રાહ લોગોની તૈઝ આંધીની હવા ફૂંકાશે, કસ્રે આલીની ઈસ્મત અને અમાનત લૂટાશે, ફાતેમી ઈમામોના ગિરાઁ કદર-કીમતી તારીખી કિતાબો ઝુટવાશે. **આપને ૪ ર.આખર ૫૨૪ હિ. ની સાલમાં અલ્લાહતઆલાને ઇમામતના મકામે આલીના વારિસ-ફરઝંદે ખુશ ખિસાલ ઇનાયત કીધા** તો એની મીલાદ મુબારકની ખુશખબરી નો પૈગામ યમનમાં મૌ.હુર્રાહ મલેકાહ તેમજ મોટા દોઆતને પહોંચાડવામાં આવો. આપે (અ.સ.) શરીફ મોહંમદ હયદરને મીલાદની બશારતની જિલ્લ (ખત) અને એક જૂનો રૂમાલ લઈને યમન રવાના કીધા. શરીફ હયદરે મૌ.હુર્રાહ મલેકાહની હઝરતે આલીયાહમાં વિલાદતના બશારતનામા તો પૈશ કીધા પણ તેમની ગફલતના સબબ ઈમામને ઈરસાલ કરેલો જૂનો રૂમાલ આપતા ભુલી ગયા. મૌ.હુર્રાહ એ એને પૂછું કે, ઈમામે આ બશારતનામા સિવાય કોઈ બીજો હદીયો-તોહફો ઈરસાલ ફરમાવેલો છે ? શરીફે જવાબ દીધો કે, જી નહી. ચંદ અય્યામ બાદ શરીફે પોતાના કપડા બરાબર કીધા તો તેમાંથી જૂનો ઈમામી રૂમાલ નીકલો, જે ફૌરન આવીને મૌ.હુર્રાહ ની હઝરતમાં પૈશ કીધો. મૌ.હુર્રાહ ઈલ્મે બાતિનના મૌજઝન દરિયા હતા. **આપની ઝહાનત અને હુશિયારી યમનના ઓલમાને દરમિયાન મિસ્લે ઔજે જબલ (પહાડની ચોટી) હતી.** આપ આ જૂના ફાટેલા રૂમાલને જોઈને હુઝનો બુકા કરવા લાગા, રોવા લાગા અને તેમાં છુપેલા ઈશારાને સમઝી ગયા અને દાઅવતે હાદીયાહના દોઆતે કિરામને વીસમાં ફાતેમી ઈમામ મૌ.આમિર (અ.સ.) ની શહાદતની ખબર કીધી.

## મિસિરમાં બગાવત અને યમનમાં દાઅવતની તૈયારી :

તે દરમિયાન મૌ.હુર્રાહ મલેકાહ એ સૈ.યાહયા બિન લમક બિન માલિકને યમનની દાઅવતના શહેરોના ચીફ જસ્ટીસ મુકર્રર કીધા હતા અને સૈ.ઝોએબ બિન મૂસા, સૈ.મોહંમદ બિન તાહેર, આપના દૂધ-ભાઈ સૈ.અલ-ખત્તાબ, સૈ.અલી બિન મોહંમદ બિન વલીદ, સૈ.ઈબ્રાહીમ બિન હુસૈન અલ હામેદી વગૈરા સાહેબો, ઓલમાએ હરમે દાઅવત અને હુદૂદને હર ઈમાની ગામ અને શહેરમાં મૌ.તૈયેબ (અ.સ.) ની મીલાદની બશારત તેમજ આપ ઈમામ (અ.સ.) ના નામથી મુમેનીનનો મીસાક લેવા મોકલા. આ તરહ ઈમામ તૈયેબની જાનિબથી હિન્દ, સિન્દ અને યમન એમ ત્રણે જઝીરામાં દાઅવતે હાદીયાહના અરકાનને મઝબૂત કીધા અને ઈમામના સતરના ઝમાનને વાસ્તે દોઆતની કારગુઝારીની ખિદમતનો એક નવો નિઝામ કાઈમ કીધો.

ઈમામ આમિર (અ.સ.) પર નઝારી હમલાઓ બાદ ઝાહિરી સલતનત-રાજ હુકૂમતનો હવાલો આપના કાકાજીના દીકરા અબ્દુલ મજીદને સોંપવામાં આવો અને અબ્દુલ મજીદે ઝાહિરી સત્તા ઈમામ તૈયેબ (અ.સ.) ના નામથી સંભાલી, જે વક્ત એ ફક્ત અમીરે હુકૂમત હતો. પણ ચંદ અય્યામ બાદ એ પોતાના વચનથી ફીરી ગયો અને પોતે અમીરૂલ મુમેનીન હોવાનો દાવો કીધો. એ વાતને બાવુજૂદ કે, ઈમામ તૈયેબ (અ.સ.) ચાર વરસની ઉમરમાં ઈમામતના અમરને પહોંચી ચુકા હતા. મૌ.આમિર (અ.સ.) ને આ જ વાતનો ડર હતો કે, ઈમામના બચપણાનો ફાયદો લઈને કોઈ ઈમામતનો દાવો ન કરી દે ! **તે જ વાસ્તે આપે યમનમાં દાઅવતના અમરને મઝબૂત કરવાની તૈયારી કરી દીધી હતી.** અબ્દુલ મજીદ હક્ક પર અને વાઅદા પર ફક્ત બે વરસ કાઈમ રહ્યો. પણ, હાથમાં હુકૂમતે ફાતેમીયાહની બાગદોડ આવવાના સબબ એની નિય્યતમાં ફસાદ પૈદા થયો તો પહેલા એ ઈમામે માઅસૂમના કત્લની સાઝિશ શુરૂ કરી દીધી. ઈમામના બાબ-હુજ્જતને આ નાપાક ઈરાદાની

*(બકીયાહ પેજ નં. ૪ પર)*

**દૌલત, અલ્લાહની જ એક નેઅમત છે મગર તેનો બદ ઈસ્તેમાલ અઝાબે ઈલાહીને નોતરે છે.**

*(પેજ નં. ૩નું બાકી)* ***મોટામાં મોટી નેઅમત.....***

બૂ આવી ગઇ. તેથી ૪ સાલના ઈમામ આલી મકામને કસ્રે આલીના બાઇઝઝત-બાઇસ્મત સૈયેદાત-બૈરોને લઇને રાતના અંધારામાં મહેલથી નીકલીને ગુમનામ જગા પર રેહાઇશ કાઇમ કીધી અને **ઇમામને મુસ્તર કરી દીધા, લોગોથી છુપાવી દીધા.**

## ઈમામ તૈયેબ (અ.સ.) ના નામમાં હિકમત :

ઈમામ તૈયેબ (અ.સ.) નો મકામ અને મરતબો આલી છે. આપનું નામ તૈયેબ છે જેમાં ત્રણ હરફો છે, તોય-૯, યા-૧૦ અને બા-૨, એમ કુલ ૨૧નો આંકડો થાય છે. ઈમામ તૈયેબ (અ.સ.) ૨૧માં ફાતેમી ઈમામ છે, જેની આ દલીલે સાબિત છે. ઈમામ તૈયેબ (અ.સ.) ઈસ્લામી મહીનાના ચોથા મહીના રબીઉલ આખરની ચોથી તારીખે પૈદા થયા. આપ મુસ્તકર ઈમામ છે અને આપના માં ૪ મરતબાઓનું મીલન છે. અગર તૈયેબના નામમાં "યા" બે વક્ત બોલાય છે એને ગીનીએ તો "તૈયેબ" માં ચાર હરફ બોલાય છે એટલે કે, ચાર હરફવાલા અને ચાર મરતબાવાલા. આપ "ઈમામ" છે, જેમાં પણ ચાર હરફો છે. યમની દોઆતે આપના કિતાબોમાં ઈમામ તૈયેબના નામની બરકાત અને ગિન્તીના મોઅજિઝાની ઝિક્રે ખાસ ફરમાવેલી છે. તે બયાનોમાં દરજ છે કે, આપ મૌલાની ઔલાદે પાકીઝામાં જે પડદામાં ઈમામ છે તે પણ હર તરહ તૈયેબ જ છે. **અલ્લાહતઆલાએ ઇમામને અગર સૂરજ બનાવેલા છે, તો દાઇને ચાઁદનો મરતબો બખ્શેલો છે.** સૂરજની ગૈર-મૌજૂદગીમાં જેમ ચાઁદ તેનાથી રોશની હાસિલ કરે છે અને તે રોશની ઝમીનને બખ્શે છે, તેમ દાઈએ હક્ક, ઈમામના વક્તે ઈસ્તેતારમાં ઈલ્મે ઈલાહી અને તાઈદે રબ્બાની હાસિલ કરે છે અને મુમેનીને રાહે રાસ્તની હિદાયત દે છે.

## દાઅવતના દરજાની સચ્ચાઈ :

સુરતુર્રહમાનની એક આયતમાં બયાન આવેલું છે કે, "**અલ્લાહતઆલાએ આસ્માનને ઉંચું કીધું અને મીઝાનને મુકું.**" આ આસ્માન તે ઈમામતનું આસ્માન છે અને મીઝાન તે નાઈબે ઈમામ દાઈએ હક્ક તરફ ઈશારો છે. જેમ આજના વક્તમાં કોઇ કારીગરીના કારખાનામાં નીચેના તબકાના નોકરો-કારીગરોની હાઝિરી એના માલિક-મેનેજરની મૌજૂદગીની રોશન દલીલ પૈશ કરે છે. તે જ મુજબ, દાઈએ મુત્લક, માઝૂને મુત્લક, મુકાસિરે મુત્લકના ત્રણ દરજાઓની મૌજૂદગી ઈમામ આલી મકામના દરજાના વુજૂદને હર ઝમાનમાં સાબિત કર છે. મૌ.ઈમામ તૈયેબ (અ.સ.) ના પડદે થાવાને **૯૦૭ સાલ** ગુઝરી ચુકા છે, પણ આજે દાઅવતે મુબારકાહનું નૂરે ઈલાહી ઝમાનામાં સિરાજે મુનીર (ચમકના સૂરજ) ની જેમ હાઝિર છે. ઝમાનએ સતરમાં દોઆતે હક્કનો સિલસિલો ઈમામની નસ્સથી બાકી છે. ઈમામ તરફથી દાઈએ હક્કને નસ્સ એક રૂહાની રાબેતો (કનેક્શન) છે, જે અલ્લાહતઆલા તરફથી ઈબ્તેદા થાય છે અને ઉપરના દરજાથી નીચેના દરજા પર ઉતરે છે. આ નૂરનો રાબેતો અને આ રૂહનો સિલસિલો, તે જ અલ્લાહના ઈઝનની દાઅવત છે કે, જે અલ્લાહની રઝા બગૈર ઝમીન પર કોઇ દાઇ કાઈમ થઇ શકતા નથી. તેથી જ અલ્લાહતઆલાએ ફરમાવું છે કે, "**વ દાઇયન ઇલલ્લાહે બે ઇઝનેહી સિરાજમ મુનીરા**". મુમેનીનના મૌલા આજે ઈમામ તૈયેબના હમનામ દાઈએ તૈયેબ મૌજૂદ છે, જેની મીલાદે મયમૂન ઈમામ આલી મકામની મીલાદ સાથે જોડાયેલી છે. **આ સાલ આપ મૌલાને ૮૦ સાલ પૂરા થાય છે, જે મુમેનીન વાસ્તે પુર-સઆદત મૌકો છે.** હમેં તૈયેબીન-તાહેરીન છીએ, પંજતને પાક (અ.સ.) ના અકીદતમંદો હોવાના સબબ હસબ-નસબ, ઈલ્મ-અદબથી પાક છીએ. રબીઉલ આખરમાં બેવે દરજાના સાહબની સાલગિરાહની બરકાત હમને હાસિલ થાય છે જે અલ્લાહતઆલાનો હમ પર ઘણો મોટો ફૈઝ અને કરમબખ્શી છે. હમારી દોઆએ દિલી છે કે, અલ્લાહતઆલા હમારા આકાએ નામદાર મૌલાએ ઝુલ વકારની ઉમ્ર મુબારકને ઈલા યૌમિદ્દીન દરાઝ કરજો અને હમને આપની કિશ્તીએ નજાત પર સવારી કરનાર કરજો. આમીન... ★

**દિલ અને શૌકથી કીધેલી હર ચીઝ ખૂબસૂરત હશે, તો ઈબાદત પણ એ મુજબ કરો.**

## -::: મોટા ગુનાહો :::-

ખુદાતઆલા કુરઆને કરીમમાં સૂરતુન્નિસામાં ફરમાવે છે કે, "અગર તમેં **મોટા ગુનાહોંથી** દૂર રહેશો કે જેનાથી તમને રોકવામાં આવા છે તો હમેં તમારી બુરાઈઓને માંજી નાખીશું અને તમને કરામતવાલી જગામાં દાખિલ કરીશું." સૂરતુશ્શૂરામાં બયાન છે કે, "જે ચીઝ ખુદાને નઝદીક છે તે ખૈર છે અને ઝિયાદહ બાકી રહેનારી છે, તે લોગો વાસ્તે જે ઈમાન લાવા અને પોતાના રબ પર ભરોસો કીધો. (આ ખૈર) તે લોગો વાસ્તે (પણ) છે જે **મોટા ગુનાહો અને બેહયાઇઓથી** દૂર રહે છે, જે વક્ત ગુસ્સે થાય છે તો માફ કરી દે છે. (આ ખૈર) તે લોગો વાસ્તે (પણ) છે જે એના રબને (ખૈર અમલ કરીને) જવાબ દે છે આ હાલમાં કે તેઓ નમાઝને કાઈમ કરે છે અને આપસમાં મશ્વરાથી કામ લે છે અને હમેં (ખુદા તરફથી) તેઓને જે રિઝક આપું છે તેમાંથી (હલાલ રસ્તેથી) ખર્ચ કરે છે." સૂરતુન્નજમમાં છે કે, "આસ્માનો અને ઝમીનની કાએનાતનો માલિક અલ્લાહ છે અને અલ્લાહ બદકાર ને સઝા તેમજ નેકોકારને જઝા આપે છે, જે નેકી કરનાર શખ્સ **મોટા ગુનાહો અને બદકારીઓથી** દૂર રહે છે. અલબત્તા, નાના ગુનાહ (ઈરાદા બગૈર) જો એનાથી થઈ પણ જાય, તો અલ્લાહ એને બખ્શી દે છે."

મૌલાના અલી અમીરૂલ મુમેનીન (અ.સ.) ફરમાવે છે કે, ફરઝ કરવામાં આવેલી નમાઝો, તેના દરમિયાન બંદો જે નાના ગુનાહો કરે છે તેને (નમાઝની બરકતથી) અલ્લાહ માંજી નાખે છે, **મગર મોટા ગુનાહ માફ થાતા નથી.** આપ દોઆ ફરમાવે છે કે, અય અલ્લાહ, તું તો ઘણા ઘણા ગુનાહોને માફ કરી દે છે અને એ કયો તારો બંદો હશે કે, જે ગુનાહ નહી કરતો હોય ! અલ્લાહ, તું વાસેઉલ મગફેરત છે, યાઅની, માફ કરવામાં ઘણો મોટો છે. મૌ.અબ્દુલ્લાહ બિન અબ્બાસ (રિ.અ.) ફરમાવે છે કે, **"કબાઇર" - મોટા ગુનાહો** તે છે, જે ગુનાહોના અઝાબથી અલ્લાહ બંદાને આગાહ કરે છે, ડરાવે છે, અઝાબની ધમકી આપે છે, વઈદ આપે છે. આ ગુનાહોની જો ગિન્તી કરવા જઈએ તો શાયદ ૭૦૦ તક આંકડો પહોંચે. જો ઈન્સાન મોટા ગુનાહોથી બચતો રહે તો નાના ગુનાહોથી માફી હાસિલ થાવામાં કોઈ શક નથી. મોટા ગુનાહમાં જે ચીઝો શુમાર થાય છે તે છે, અલ્લાહ સિવાય બીજાની ઈબાદત કરવી, જાદૂ, નાહક્ક કત્લ કરવું, વ્યાજ ખાવું, યતીમનો માલ ખાવો, જેહાદથી નાસી આવવુ, પાક-દામન બૈરો પર તોહમત-ઈલ્ઝામ મુકવો, ચોરી કરવી, ઝિના કરવી, જૂઠ બોલવું, શરાબ પીવી, ફરઝોને મુકી દેવું, હરામ કીધેલી ચીઝોને વાપરવું વગૈરા.

મૌ.ઈમામ મોહંમદુલ બાકિર (અ.સ.) ફરમાવે છે કે, "એક સહાબીએ રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ને સવાલ કીધો કે, યા નબીયલ્લાહ, હમને ખૌફ છે કે, હમેં મુનાફિક ન થઈ જઈએ ?" આપે પૂછું કે, એમ શું કામ ? અરઝ કીધી કે, હમેં જે વક્ત આપના નઝદીક હોઈએ છીએ તો આપના મુબારક કલામને સાંભલીને હમારૂં દિલ નરમ થઈ જાય છે, હમેં દુનિયાને ભુલી જઈએ છીએ. જાણે કે, આખેરત હમારા નઝરને સામે હોય, જન્નત અને જહન્નમને હમારા સામે હોવાનો હમને એહસાસ થાય છે. પછી જે વક્ત હમેં આપની સોહબતમાંથી ચાલા જઈએ છીએ, ઘર તરફ વલીએ છીએ, બૈરો-બચ્ચા-દોસ્તોમાં મીલીએ છીએ તો આપની સોહબતનો અસર મીટી જાય છે, આપની નસીહત હમારા દિલોમાંથી ગાયબ થઈ જાય છે. **આ સબબથી હમને હર વક્ત નિફાકનો ખૌફ રહે છે.** આપ (સ.અ.વ.વ.) એ ફરમાવું કે, તમેં ફિકર ન કરો. આમ હરગિઝ નહી બને, નિફાક તો તેના દિલમાં દાખિલ થાય છે, જે હમને જાણીને પણ હમારાથી હિદાયત નથી પામતા, હમને હમારો હક્ક અદા નથી કરતા અને હમારા સિવાય બીજાઓને પસંદ કરે છે. આ તો શયતાને રજીમના વસવસાઓ છે, જે પોતાની જાલમાં કમ્ઝોર ઈમાનવાલાને ફસાવે છે, દુનિયા પર લગાવે છે. તમેં જે મારી સોહબત ના અસરની વાત કીધી, તો તમેં તેના પર જો કાઈમ રહેશો તો ફરિશ્તાઓ સાથે ગલે લાગશો અને અલ્લાહ, એવી કુદરત તમારામાં પૈદા કરશે કે, જાણે તમેં પાની પર ચાલતા હોવ. અલ્લાહતઆલાએ ઈન્સાનની પૈદાઈશ જ એવી તરહ કીધેલી છે કે, **એ ગુનાહ તો કરે મગર જો ઇસ્તિગફાર કરે, મગફેરત ચાહે તો રબ્બે રહીમ એને માફ કરી દે છે.** તે ઈન્સાન જ ન કહેવાય કે, જે ગુનાહથી ખાલી હોય અને તે મુમિન જ ન કહેવાય કે જેનાથી ગુનાહ તો થાય મગર ગુનાહની મગફેરત ન ચાહે.★

*(બકીયાહ આવતા શુમારામાં)*

**બગૈર અમલનું ઈલ્મ અને બગૈર ઈલ્મના અમલથી દૂર રહો.**

## -::: જાઅફર નહેરવાલીની ફિતનત :::-

મૌલાઇ આદમ શુજાઉદ્દીન બિન સુલૈમાન (રિ.અ.) ના ઝમાનમાં જાઅફર બિન ખ્વાજા નહેરવાલી (પટણી) ના ફિતના-ફસાદની નાપાકીની બદબૂ ગુજરાતની સરઝમીન પર રૂનૂમા થઇ. આપ મૌલાઇની ઝઇફી અને ઉમ્ર રસીદગીના સબબ આપે ઘરનો ગોશો ઈખ્તિયાર કીધો હતો અને આપના ફરઝંદે બાકમાલ મૌ.હસન હુસામુદ્દીનને ફરમાને દાઈયુઝઝમાનથી આપના બાદ વાલીયુલ હિન્દે વસ સિન્દ મુકર્રર કરી ચુકા હતા. દાઅવતના અકસર ઊમૂરની બાગદોડ મૌ.હસનના હાથમાં હતી. આ બેવે જઝીરામાં મુમેનીનના તમામ ઝાહિરી-બાતિની ઊમૂરનો સરઅંજામ વાલીઓના ઝરીએ દાઈયુઝઝમાન યમનથી ફરમાવતા હતા. આપ મૌલાઇના વકતમાં મુમેનીનની તરબીયતો તાઅલીમની હિદાયતો યમનથી ૧૮માં દાઇએ ફાતેમી સૈ.અલી શમ્સુદ્દીન બિન સૈ.અબ્દુલ્લાહ (આ.કુ.) કરતા હતા. મૌલાઇ હસન અહમદાબાદમાં મુકીમ હતા અને આ ઝમાનો ગાલેબન **૮૨૮ હિ.** નો છે જે વકત જાઅફર પાટણથી દાઅવતે હાદીયાહના ઊલૂમની તાઅલીમ લેવા વાસ્તે આપ મૌલાઇના દરસમાં શરીક થયો હતો. જાઅફરના બાવાજી ખ્વાજા એક ઝમાનામાં મૌ.આદમની ખિદમતમાં રહી ચુકેલા હતા અને એમની ઉમ્મીદ હતી કે, **જાઅફર પણ પોતાના નક્શે કદમ પર ચાલીને દાઅવતની ખિદમતને લઇ ઉઠે.** પણ જાઅફર જે વકત દરસમાં દાખિલ થયો તે પહેલા જ એના બાવાજી વફાત થઇ ચુકા હતા.

મૌ.હસને અહમદાબાદમાં એક આઅલા પયમાનાનો મદ્રસો કાઇમ કીધો, જે ઝમાનએ ઝલાલતમાં એક શમ્એ બાનૂર સાબિત થયો. આપના ઝૈરે નિગરાન તાલિબે ઇલ્મોને હુસ્નો કમાલ સાથે દાઅવતે હક્કનું ઇલ્મ પઢાવવામાં આવતું હતું. મદ્રસામાં આવતા બધા જ તલબતને જમાડવાની રસમ આપે શુરૂ કીધી. દૂર-દૂરથી મુમેનીનના ફરઝંદો તાઅલીમથી ફૈઝ પામવા આવતા હતા અને આપે આ તરહ દાઅવતના નિશાનને બલંદ કીધું અને ફરઝંદાનને શરીઅતના અહકામથી બોહરાવર કીધા. આપના આ ફૈઝો એહસાનના સબબ દાઅવતના ચમનમાં ઘણા ઓલમા ખુશ્બૂદાર ફૂલ બનીને મહેકા. **મગર આ ફૂલોના સાયામાં જાઅફરે નૌકદાર ખાર-કાંટાની શિકલ ઇખ્તિયાર કીધી.** જાઅફર ઈબ્તેદાઇ દરસમાં આવો પણ વકત જાતા એના દિલની અસલીયત એના ચહેરા પર આવી. એના દિલમાં તકબ્બુરી અને હસદની આગ લાગી. મદ્રસાના બીજા સાહબોને હલકા ગીનવા લાગો, યહાઁ તક કે પોતાના ઉસ્તાઝ મૌ.હસનને ખિલાફ થયો. મૌ.હસન ને નઝદીક ખુલૂસે દિલનો ઢોંગ કરીને, આપના દરજાથી ઉપર થાવાના શયતાની ખ્વાબને પૂરો કરવા જાઅફરે એમ અરઝ કીધી કે, **અગર આ ગુલામને રઝા થાય તો યમનમાં દાઇયુઝઝમાન સૈ.અલી શમ્સુદ્દીન સાહબની હઝરતે આલીયાહમાં ઇલ્મના તલબ કરવા વાસ્તે જાય.** આપે જવાબમાં કહ્યું કે, અય જાઅફર, તારી હમણા ઈબ્તેદાઇ તાઅલીમ અધુરી છે, યમન તરફ કસ્દ કરવો હાલમાં નામુનાસિબ છે. પહેલે તું મારા ઝૈર તાઅલીમમાં મુકમ્મલ થા પછી આવતા સાલ જોઇશું.

આપની આ હિદાયત જાઅફરના દિલમાં ન ઉતરી અને એ નાફરમાની પર તૈયાર થયો, પોતાની ઝિદ પર અડી રહ્યો અને કોઇને કીધા બગૈર ભરૂચ ગયો અને ત્યાંથી જહાઝમાં યમન તરફ રવાના થયો. જે વકત આપ મૌલાઇને આ વાતની ખબર પડી તો ફૌરન આપે જાઅફરની નાફરમાનીની તમામ હકીકત લખીને કાસિદ સાથે સૈયેદનાની હઝરતમાં યમન રવાના કીધી. ઈત્તેફાકથી કાસિદ, મૌલાઇનો કાગઝ લઇને જાઅફર ત્યાં પહોંચે તે પહેલા પહોંચી ગયો અને સૈયેદના, જાઅફરના દિલની કૈફીયતથી આગાહ થઇ ગયા. જાઅફર યમન પહોંચો અને સૈયેદનાની મુલાકાત વાસ્તે ગયો, સૈયેદનાએ હિન્દુસ્તાનના અખ્બાર પૂછા અને એના યમન આવવાનો મકસદ પૂછો. જાઅફરે કહ્યું કે, **હું યહાઁ ઇલ્મ પઢવા આવો છું.** સૈયેદનાએ જાઅફર પાસે વાલીએ હિન્દ મૌ.હસન ની રઝાનો કાગઝ તલબ કીધો. જાઅફર ચાલાક અને હાઝિર જવાબ હતો, કહ્યું કે, હું જલ્દીમાં હતો એટલે કાગઝ હિન્દુસ્તાન ભુલીને આવો છું. પણ એને માઅલૂમ ન હતું કે, સૈયેદના એની બનાવટને ખૂબ જાણે છે ! આના બાવજૂદ સૈયેદનાએ એના પર કરમ કરીને હુદૂદને ફરમાન કીધું કે, આ હિન્દી શખ્સને એની અકલ મુજબ તાઅલીમ આપવામાં આવે. ★

*(બકીયાહ આવતા શુમારામાં)*

**બીજા ખુશ થાય તેવા કામ જલ્દી કરો કેમકે ઈન્સાનની ખુશહાલી હમેશા રહેતી નથી.**

-::: ઝાહેર ખબર :::-

## ડૉ. રોશનઅલી વ્હોરા

એમ.એસ. (ઈ.એન.ટી.)

**નાક, કાન અને ગલાના સર્જન**

**શિફા નર્સિંગ હોમ,**

એકતા ભવનના બાજુમાં, પાણીગેટ, વડોદરા.

ટાઈમ: બુધ-શનિ: ૬ થી ૮ સાંજે રવિવાર: ૧૧ થી ૧૨ સવારે

(અગાઉથી એપોઈન્ટમેન્ટ લઈને આવવું.)

ફોન : ૨૫૭૦૩૩૮ ★

## માસુમા બુટીક

૧૩-૧૫, સૈ.મુસનજી તાજ સાહેબ શહીદ દરગાહ, પાણીગેટ, વડોદરા - ૧૭.

**દુલ્હન જોડીઓ, નમાઝી તથા ફેન્સી જોડીઓ, કાપડમાં રિદા-કુર્તા-સાયા-સુસી-જાજમ-પડદા-એહરામ-કોટન-વગૈરા, ફેન્સી રિદાઓ અને પંજાબી, મસલ્લા અને હદીયાની અનેક આઇટમો વાજબી ભાવે મળશે.**

ફોન : ૯૯૧૩૭૩૪૮૬૬, ૨૫૧૨૬૩૮, ૨૫૬૦૯૦૯. ★

-::: Our Shining Stars :::-



**Sharmeen Taiyebali Vasanwala** has passed B.E.(Electronics) from MSU, Baroda in the batch of 2009. She stood 1st in the department and has been awarded 4 gold medals for her outstanding performance. ★



**Ayaanali Ahmadali Chasmawala** studying in class-1 in Navrachana Vidyani Vidyalaya has secured 4th rank at National Level & 1st rank at state level in Interactive Olympiads 2009 held by Edu Heal Foundation. We offer best wishes for such excellent achievement in future too. ★

-::: ઝાહેર ખબર :::-

## લામેઆ અલી અસ્ગર કલીપવાલા

મો.: ૯૭૧૨૯૯૭૮૬૦

સી-ગુલીસ્તાન, આજવા રોડ, વડોદરા.

દિલકશ મોતીઓના સેટ, સ્ટોન સેટ રૂા.૧૦૦/- થી નજીવી કિંમતથી શરૂ થાય છે જે તમારા ચહેરાની ખૂબસૂરતી વધારશે. કેઝયુઅલ વેસ્ટર્ન જ્વેલરી રૂા.૨૦/- થી ખૂબ જ ઓછી કિંમતમાં તમારા કપડાના રંગોને અનુસાર બનાવી આપવામાં આવશે, સાથે મીરર ડેકોરેશન (આઈના), જાત જાતના કપડાના રંગીન ફૂલો અને મીણબત્તી બનાવતા શીખવાડવામાં આવે છે. ★

## અલીફીયા સોરંગવાલા

મો.: ૯૫૩૭૫૧૯૮૬૭

ઘરના વાતાવરણમાં પૌષ્ટીક નાસ્તા સાથે તમારા બાળકના ભવિષ્યનો પાયો મજબૂત કરો. ૨ વર્ષથી ૪ વર્ષ સુધીના બાળકોને એડમીશન આપવામાં આવે છે. JKG, SKG, 1st, 2nd, 3rd સુધીના ટયુશન અંગ્રેજી તથા ગુજરાતી માધ્યમના આપવામાં આવે છે.

કોમ્પ્યુટર કલાસમાં બેઝીક, ટેલી, ડી.ટી.પી, સી. પ્લસ પ્રોગ્રામ અને ડિપ્લોમાં (ડી.સી.એ.) તથા ઓફિસ વર્ક ખૂબ જ સરળતાથી અને વ્યાજબી ભાવે શીખવાડવામાં આવે છે. ★

## ફાતેમા આર્ટ કલાસ

- આધુનિક ટેકનીકથી "ગ્લાસ પેઈન્ટીંગ" અને દરેક પ્રકારની હેન્ડ એમ્બ્રોઈડરી શીખાવવામાં આવશે.
- ફેબ્રીક પેઈન્ટીંગમાં (૧) શાઈનીંગ (૨) જરીવર્ક (૩) એમ્બોસ વર્ક (૪) બીડસ વર્ક (૫) પેઈન્ટ વર્ક
- લેટેસ્ટ ફેબ્રીક પેઈન્ટીંગનાં મોડર્ન ટેકનીક અને બ્રશ સ્ટ્રોક.
- ૭ થી ૧૪ વર્ષના બચ્ચાઓને ડ્રોઈંગ શીખાવવામાં આવશે.
- આર્ટ વર્કમાં ક્રેકલ વર્ક, ડેકોપેજ વગેરે.
- દરેક પ્રકારના કાપડ પર છાપકામ કરી આપવામાં આવશે.
- એમ્બોસના કોન મીલશે.

**ફાતેમાબેન એ. ગાંધી**

વાડી, બદરી મોહલ્લા, ગલીવાલાના મકાનને બાજુમાં, વડોદરા. મો.: ૯૩૭૭૩૯૫૬૫૫. ★

**આખેરતમાં જે ચીઝો વાસ્તે ભારી સઝા છે તે કરવામાં ઈન્સાનને દુનિયામાં ખૂબ મઝા આવે છે.**

## -::: લફ્ઝી કશ-મ-કશ :::-

કારેઈન વાસ્તે લફ્ઝી કશ-મ-કશને નવા અંદાઝથી પેશ કરવામાં આવે છે. આમાં ખાના આપેલા છે જેમાં નંબર મુજબ સવાલ પૂછવામાં આવો છે. દરમિયાનનું ખાનું ખાલી રહેશે અને બાકીના ખાના જવાબ સહી હોવાના સાથે ભરાઈ જશે અને પૂરી તરકીબ મુકમ્મલ થઈ જશે. નીચે આપેલી કશ-મ-કશને સહી તૌર પર પૂરી કરી તેને સિલસિલાવાર લખી પોસ્ટ કાર્ડ યા E-mail યા રૂબરૂ આવી હમારા એડ્રેસ પર આ મહીનાની ૨૦ તારીખ પહેલા મોકલી આપવા ગુઝારિશ છે. કારેઈનમાંથી જેના જવાબો સહી હશે તેમનો ડ્રો કરવામાં આવશે અને તેમાંથી જેનું નામ નીકલશે તે ખુશકિસ્મત નામને હમેં સાચા જવાબો સાથે આવતા શુમારામાં ઝાહિર કરીશું. જવાબ આપનાર પર લાઝિમ છે કે, તે પોતાનું નામ, એડ્રેસ અને ફોન નં. ઝરૂરથી લખી મોકલે.

તો, તૈયાર થઈ જાવ, દિમાગને કસો, કલમને પકડો અને તમારા કિસ્મતના ઘોડાને તેઝ કરો.....

| | | | | |
|---|---|---|---|---|
| | | ૧ | | |
| | ૨ | | ૩ | |
| ૪ | | ■ | ૫ | |
| | ૬ | ૭ | | |
| | | | | |

**ઊભી તરકીબ :**

(૧) રાત, લૈલ. (૨)
(૨) ----- કરવું, કોઈ અનોખું કામ કરવું. (૩)
(૩) દોસ્ત, સાથી. (૩)
(૭) જન્નતની નહેરો : તાઝા પાની, પાક શરાબ, દૂધ અને ------. (૨)

**આડી તરકીબ :**

(૨) ----- માં મુન્કર-નકીર સવાલ-જવાબ વાસ્તે આવશે. (૩)
(૪) ઈમામૈન હુસનૈનના તમામ ------ બચપણામાં વફાત થઈ ગયા હતા. (૨)
(૫) અલ્લાહતઆલા સૂરતુલ ----- માં અબરહાની ઝિક્ર કરે છે. (૨)
(૬) મૌ.અબ્દુલ્લાહ અને મૌ.નૂરૂદ્દીન (રિ.અ.) ને મિસિરથી સૈ.------- ઈલ્મ પઢાવીને યમન લાવા અને પછી હિન્દ તરફ મોકલા. (૩)

**ગયા શુમારાનો ખુલાસો :**

| | | | | |
|---|---|---|---|---|
| | | નૂ | | |
| | અ | હ | દ | |
| વા | લી | ■ | ફ | ના |
| | મ | તી | ન | |
| | | સ | | |

સહી જવાબ આપનાર : મરિયમબુ મો. કાચવાલા.

★

## -::: ઈન્તેકાલ પુર મલાલ :::-

નામ : **તેહમીનાબુ અલીહુસૈન લોખંડવાલા**
સરનામું : લોખંડવાલા બિલ્ડીંગ, ઈદગાહ રોડ, ગાજરાવાડી, વડોદરા.
વફાતની તારીખ: ૨૩ સફર ૧૪૩૧, ૭-૨-૨૦૧૦, રવિવાર.
ફોન : ૦૨૬૫-૨૫૮૨૨૬૪.

---

નામ : **શીરીનબુ હુસૈનીભાઇ ભાવનગરવાલા**
સરનામું : મોહંમદી મંઝિલ, બાપ્ટી રોડ, બેટાંકી, મુંબઇ.
વફાતની તારીખ: ૨૬ સફર ૧૪૩૧, ૧૦-૨-૨૦૧૦, બુધવાર.
ફોન : ૨૩૦૯૪૪૯૮.

---

નામ : **તેહમીનાબુ બદરૂદ્દીન ઉમલ્લાવાલા**
સરનામું : બદરી મોહલ્લા, વાડી, વડોદરા.
વફાતની તારીખ: ૧૧ ર. અવ્વલ,૧૪૩૧, ૨૪-૨-૨૦૧૦, બુધવાર.
ફોન : ૯૮૨૪૩૬૯૭૩૯.

---

નામ : **ફાતેમાબુ અમીરૂદ્દીન હિટલર**
સરનામું : બદરી મોહલ્લા, વાડી, વડોદરા.
વફાતની તારીખ: ૧૪ ર. અવ્વલ ૧૪૩૧, ૨૭-૨-૨૦૧૦, શનિવાર.
ફોન : ૯૭૨૬૭૯૬૯૩૯.

---

નામ : **ઝહરાબુ યૂસુફઅલી સુરકાવાલા**
સરનામું : સુરતી હવેલી, મોગલવાડા, વડોદરા.
વફાતની તારીખ: ૧૫ ર. અવ્વલ ૧૪૩૧, ૨૮-૨-૨૦૧૦, રવિવાર.
ફોન : ૯૭૨૫૪૨૪૪૧૬.
(મુમેનીનને મરહૂમના ફાતેહા પઢવા વાસ્તે ઈલ્તેમાસ છે.)

---

નોંધ : - જે મુમેનીન આ અખ્બારમાં ફોટા સાથે કોઈ પણ મૌકાની ખબર આપવા માંગતા હોય, તો તેના વાસ્તે રૂા.૭૫- હદીયો મુકર્રર થયેલો છે. આ ખબરને વેબસાઈટ પર મુકવી હોય તો તેનો અલ-હાદી સાથેનો કુલ હદીયો રૂા.૨૦૦/- રાખવામાં આવો છે. ★

**ખુશકિસ્મત છે એ શખ્સ, જેનું દિલ અલ્લાહનો શુક્ર કરનારૂં હોય અને જેની ઝબાન અલ્લાહની ઝિક્ર કરનારી હોય.**

## -::: ઝાહેર ખબર :::-

## બદરી સ્વીટસ

**અમારે ત્યાં મુંબઇ તથા વડોદરાની પ્રખ્યાત મિઠાઇઓ, ફરસાણ મળશે. લગ્ન તેમજ શુભ પ્રસંગના ઓર્ડર લેવામાં આવશે.**

*૩, અલવી એપાર્ટમેન્ટ, હરણખાના રોડ, પાણીગેટ,*
વડોદરા - ૩૯૦ ૦૧૭.
ફોન : ૦૨૬૫-૨૫૬૨૫૭૨ મો.: ૯૫૮૬૮૮૪૭૭૩ ★

## ફાઈન આર્ટ કલાસ

→ ફેબ્રીક પેઈન્ટીંગ, એમ્બોસ પેઈન્ટીંગ, જરીવર્ક, બીડસ વર્ક તથા એમ્બ્રોઈડરી વર્ક શીખવા માટે.
→ જરી વર્ક માટે જરી પાવડર, ગ્લૂ તથા અન્ય મટીરીયલ્સ વ્યાજબી ભાવે મેળવવા.
→ ઓર્ડર મુજબ આકર્ષક ડ્રેસ, રીદા, ઘાઘરા-ઓઢણાં ઉપર વર્ક તેમજ પેઈન્ટીંગ કરવા માટે.

કોન્ટેકટ : બુરહાના એમ. ગોદીવાલા,
એ-૩૨, બહાર કોલોની, આજવા રોડ, વડોદરા - ૧૯.
મો.: ૯૯૯૮૫૮૨૭૧૬ ★

## રાજ ગ્રાફીક્સ એન્ડ ડીઝાઈનીંગ સેન્ટર

**દરેક પ્રકારનું પ્રીન્ટીંગ વર્કસ, ફલેક્સ/બેનર, મલ્ટીકલર વી.કાર્ડ તેમજ ડીઝાઇનીંગ વર્કસ કરી આપવામાં આવશે.**

૧૦૦% પ્રેક્ટીકલ જોબ વર્ક સાથે ફક્ત ડીઝાઈનીંગ શીખવાડવામાં આવશે.

Limited Student Only.

શબ્બીર પીઠાવાલા    ફાતેમા ચીમનીવાલા
મો.: ૯૮૨૪૩૦૩૨૫૧  મો.: ૯૨૨૮૭૭૪૭૬૨
૭, રીયાઝ એપાર્ટમેન્ટ, મહાવીર હોલ પાસે,
આજવા રોડ, વડોદરા - ૧૯.★

## એમ. એમ. ગ્લાસ

**(મોહસીન એસ. સુરતી)**

ફોન : ૨૫૨૧૫૬૯ / ૯૮૨૫૫૫૨૧૫૧

**દરેક પ્રકારના બારી બારણાંના કાચ તથા એલ્યુમિનિયમ સેક્સન બારી-દરવાજા-પાર્ટીશન ના કામ માટે.**

જી-૧, શાલીમાર ફલેટસ, ટેલીફોન એકસચેન્જ, પાણી ની ટાંકી પાસે, આજવા રોડ, વડોદરા. ★

## -::: ઝાહેર ખબર :::-

## અલી ફોટોગ્રાફર્સ

કોઈપણ પ્રકારના પ્રસંગ-ફંકસનની ફોટોગ્રાફી, ઈન્ડસ્ટ્રીયલ તેમજ પ્રોડકટ ફોટોગ્રાફી, ફેમેલી અથવા ગ્રુપ ફોટો **ડીજીટલ** કેમેરાથી પાડી આપવામાં આવશે.

ઓર્ડર માટે કોન્ટેકટ કરો : **મોહંમદઅલી કાચવાલા**
એ-૨૦૫, "બૈતુન્નૂર" બોરસલી એપાર્ટમેન્ટ,
તૈયેબી પાર્ક પાસે, આજવા રોડ, વડોદરા - ૧૯.
મો.: ૯૯૦૪૪૭૦૪૯૮ ★

## અયમન હોઝીયરી

**દરેક પ્રકારની બ્રા, પેન્ટી, સ્લીપ, ફેન્સી સેટ તથા લેડીઝ ઇનર વેર વ્યાજબી ભાવે મીલશે.**

*તરન્નુમ ઝહીર કાચવાલા*
વાડી, સ્વામીનારાયણ મંદિર પાછલ,
પુરાવાલાની ચાલી સામે, રફાઈ મોહલ્લા,
વડોદરા - ૩૯૦ ૦૧૭.
ફોન : ૩૦૨૪૩૩૯ મો.: ૯૦૧૬૪૨૦૩૬૧૦ ★

**....કારપેટ ....કારપેટ ....કારપેટ ....**

અમારે ત્યાં નવીન ડિઝાઈન અને કલરમાં દરેક પ્રખ્યાત કંપનીની કારપેટ ખરીદવા માટે પધારો....

## લકી કારપેટ સેન્ટર

C/o. **મહેબૂબભાઇ ભાઇસાહેબ** ફોન : ૨૫૮૦૫૬૬
વાયડા પોલના નાકે, વાડી, ચોખંડી, વડોદરા. ★






**મગરૂર શખ્સ ખુદમાં વસેલા ઈન્સાનનું ખૂન કરે છે.**

# -::: હિકમતના લોગો વાસ્તે " હકીમસાબ " ના નુસ્ખા :::-

## Soft Drinks ની કડક હકીકત

* આજકાલના નૌજવાનો નું favourite પીણું - દૂધ, છાશ, લીંબુપાની, fruit juice, લસ્સી કે ચ્હા નથી - પણ soft drinks છે. કોઇ પાર્ટી કે જમન કે ઝિયાફત કે શાદી કે બીજા ખુશીના અવસરો પૂરા નથી થાતા જ્યાં તક કે cold drinks / soft drinks ન હોય. આદતથી મજબૂર એવા તો આજના નૌજવાનો ની હાલત છે કે તેમના ગલામાંથી soft drinks વગર જમનનો નિવાલો ઉતરતો નથી ! મગર ઘણા કમ લોગો જાણે છે આ soft drinks અપની સેહત વાસ્તે કેટલી નુકસાન કારક છે.
* એક typical soft drinks ને અંદર આ બધી ચીઝો હોય છે :
  - પાની
  - Refined sugar
  - Gas -કે જેથી soda જેવો એહસાસ થાય છે.
  - Phosphoric acid - બધાજ soft drinks acidic હોય છે.
  - Ethylene glycol -Anti-freeze કે જેથી ફ્રીજમાં મુકવાથી પણ soft drinks માં બરફ નથી જામતું.
  - Caffeine - આનાથી soft drinks પીધા પછી તાઝગી (refreshing) નો એહસાસ થાય છે.
  - Additives - કલર.
* પૂરી દુનિયામાં વધારેમાં વધારે soft drinks પીનાર મુલ્ક America છે. soft drinks વગર America પ્યાસું છે. જેટલું સાદુ પાની નથી પીવાતુ એટલું ત્યાં ના લોગો soft drinks પીએ છે.
* **soft drinks કેવી રીતે હાનિકારક છે તે જાણો :**
  - **Obesity (મોટાપો)** : Soft drinks માં રહેલુ Refined sugar, Obesity નું ઝિમ્મેદાર છે. soft drinks ની nutritional value "zero" છે. એનાથી calories માં વધારા સિવાય બીજું કંઇ મીલતું નથી. આ બદનામી થી બચવાને વાસ્તે હવે companies ને "Diet Drink" નીકાલેલુ છે, જેમાં refined sugar ના બદલે Aspartame નામની ચીઝ વાપરવામાં આવે છે. Aspartame માં ઓછી calories તો હોય છે મગર એના લીધા બાદ ભૂખ વધારે લાગે છે જેનાથી obesity થાય છે ! Research બતાવે છે કે, આ ચીઝથી migraine, ચક્કર આવવા અને memory loss (યાદ શક્તિમાં કમી) થઇ શકે છે.
  - **Tooth decay (દાંતોની સડન)** : Phosphoric acid જે એક પ્રકારનું તેજાબ છે, એથી દાંતના enamel (ઉપરી પરત) ને નુકસાન પહોંચે છે જેથી bacteria દાંતના જડ સુધી પહોંચે છે. Soft drinks થી bacteria વધે છે અને infection થાય છે. અગર વહેલી ઉંમરે દાંત સડાવવાનો શૌક હોય તો દરરોજ soft drinks પીશો તો કામ આસાન થશે !!!
  - **Bone damage (હાડકાને નુકસાન)** : Soft drinks માં રહેલા phosphoric acid ની અસર ને નાકામ કરવાને વાસ્તે બદનને calcium ની ઝરૂરત પડે છે જેને વાસ્તે હાડકાનું calcium જિસ્મ નીકાલી લે છે. વધુ પડતા soft drinks પીવાથી, ખાસ કરીને બચ્ચાઓના હાડકાઓ નરમ પડી જાય છે અને કમઝોર થઇ જાય છે. મોટી ઉંમરના લોગોને soft drinks પીવાથી પરહેઝ કરવો જોઇએ.
  - **Digestive disturbance (પેટની ગડબડી)** : Generally એવું માનવામાં આવે છે કે જમા પછી soft drinks પીવાથી ખાવાનું જલ્દી હઝમ થાય છે ! પણ હકીકતમાં આમ કરવાથી જમન જમવાનો કોઇ ફાયદો મીલતો નથી. પેટમાં કુદરતી તૌર પર hydrochloric acid રહેલું હોય છે જે જમન ને પચાવે છે. અગર તમે જમા પછી soft drinks લો તો soft drinks નું acid + પેટનું acid બેવે મીલીને acidity એટલી વધારી દે છે કે જમનથી જેટલું nutrition મીલવું જોઇએ એટલું મીલતું નથી !
  - **Soft drinks નો નશો** : soft drinks પીવાની આદત લોગોને પડી જાય એના વાસ્તે companies એના અંદર caffeine નાંખે છે જેથી soft drinks વધારે refreshing લાગે અને વારંવાર પીવાનું મન થાય. આ caffeine ઊંઘ નો નિઝામ ને disturb કરી નાંખે છે, dehydration (પાનીની કમી) કરે છે, premenstrual syndrome (માસિક પહેલા થાતા દુખાવા) ને વધારે છે, acidity વધારે છે.
* આખી દુનિયાને અંદર soft drinks બનાવતી companies ના અબજો રૂપિયાના વેપાર હોવાને લીધે આ બધી હકીકતો અને side effects પર પડદો પાડી દેવામાં આવે છે. થોડા જ વક્ત પહેલા soft drinks માં રહેલા pesticides (કીટનાશક) ના ઊંચા પ્રમાણ હોવાના reports દુનિયા ભરના અખબારો મા છપાયેલા હતા મગર તે ફક્ત ચાર-પાઁચ દિવસ વાસ્તે. હાલમાં market માં જોવાતા soft drinks માં બીજુ શું શું હશે તે ખુદા બેહતર જાણે છે. હવે future માં અગર soft drinks નુ glass આપના હાથમાં લો તો આ બધી ચીઝો ને ઝરૂર આપના ઝહેનમાં રાખજો.

① **જહાંગીર પૂરા**, ધર્મજવાલા ફીઝીયોથેરાપી સેન્ટર
મંગલવાર / જુમેરાત / શનિવાર : સવારે ૧૧ થી ૧ ★

② **આજવા રોડ** આરામ ક્લીનિક
જુમોઆ : સાંજે ૫ થી ૮
બુધવાર : સવારે ૧૦ થી ૧૨:૩૦ ★

③ **વાસણા રોડ**, જેન્ટલ ક્યોર ક્લીનિક
સોમવાર / જુમેરાત / શનિવાર : સાંજે ૫ થી ૮ ★

**નોંધ : મિશ્કાતુલ-હાદી**ના માતહત શાયેઅ થયેલી મૌલાના અલી (અ.સ.) ના કસીદાઓની, સૈ.ફખરૂદીન સાહબ (ક.રૂ.) ની બૈતોના મજમૂઆની તેમજ અહલુલબૈત (અ.સ.) ના નૌહાઓની અને મરસીયાઓની **CD** મુલ્લાં ઈબ્રાહીમભાઇ (વડોદરામાં) અને મુલ્લાં સિરાજભાઇ (મુબંઇમાં) થી કારેઈન હાસિલ કરી શકે છે. આ ભાઈઓના ફોન નંબર નીચે આપેલા છે.

**સાલાના લવાઝેમાત (Yearly Subscription)**
**રૂા. ૬૦ /- (પોસ્ટેજ સાથે)**
મેનેજર :- **મુલ્લાં ઇબ્રાહીમ ટી. બરોડાવાલા**
નાઝ બોક્ષના ઘરને બાજુમાં, બદરી મોહલ્લા,
વાડી, વડોદરા - ૩૯૦ ૦૧૭. ફોન : ૯૯૦૪૨૨૧૦૯૦.
મુંબઈમાં લવાઝમ લેનાર :- **મુલ્લાં સિરાજઅલી અત્તરવાલા**
(નફીસ, મુંબઇ) ફોન : ૯૭૬૬૬૯૩૦૬૬. ★